

ભારતની મુલાકાતે આવેલા કેનેડાના વડાપ્રધાન માર્ક કાની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે યોજાયેલી દ્વિપક્ષીય બેઠકમાં બંન્ને દેશો વચ્ચે મહત્વના કરાર થયા હતા નીચેની તસ્વીરોાં ડાબેથી હૈદરાબાદ હાઉસ ખાતે આવી પહોંચેલા કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીને પીએમ નરેન્દ્ર મોદી બેઠક ખંડ તરફ દોરી જઈ રહ્યા છે પછીની તસ્વીરમાં બંને દેશોના નેતાઓની હાજરીમાં થયેસા હસ્તાક્ષર કરાલેયાલ કરારના દસ્તાવેજોની ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર અને કેનેડાના વિદેશમંત્રી આદાનપ્રધાન કરી રહ્યા છે.

### વડાપ્રધાન મોદી અને પીએમ કાર્નીની મુલાકાત દરમિયાન અનેક કરાર પર થયા હસ્તાક્ષર

# વેપારને $50 બિલિયન સુધી વધારવાનો લક્ષ્યાંક રાખ્યો

નવી દિલ્હી, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ સોમવારે દિલ્હીમાં મુલાકાત કરી. આ દરમિયાન બંને દેશો વચ્ચે અનેક મહત્વના કરારો પર હસ્તાક્ષર થયા. બેઠક બાદ જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે બંને દેશો વચ્ચે સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં લાંબા ગાળા માટે યુરેનિયમ સપ્લાયનો એક મહત્વપૂર્ણ કરાર થયો છે. બંને દેશો સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર સાથે મળીને કામ કરશે. હવે બંને દેશો વેપાર, ઊર્જા અને ટૅક્નોલૉજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારીને સંબંધો સુધારવા માટે મક્કમ દેખાય છે. આ બેઠક દરમિયાન ભારત અને કેનેડાએ વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦ બિલિયન ડૉલર સુધી લઈ જવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે.કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, છેલ્લા દાયકામાં પીએમ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની ગયું છે. અહીં માથાદીઠ આવકનો વિકાસ એવો રહ્યો છે જે ઇતિહાસમાં બહુ ઓછો જોવા મળ્યો છે. કેનેડા તમારા આ જ ઉત્સાહ અને હેતુની ભાવનાને શેર કરે છે. મને લાગે છે કે આ નવા યુગમાં સફળતાનો માર્ગ ૨૦૨૩માં

### ભારતને યૂરેનિયમ આપશે કેનેડા

તમારા G20 અધ્યક્ષપદના વિષય 'One Earth, One Family, One Future' માં સારી રીતે દર્શાવવામાં આવ્યો છે, કારણ કે આપણા સમયના પડકારોને કોઈ પણ દેશ એકલો ઉકેલી શકતો નથી.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, છેલ્લા એક વર્ષમાં કેનેડા અને ભારતની સરકારો વચ્ચે જે સંવાદ થયો છે, તે છેલ્લા બે દાયકામાં થયેલા તમામ સંવાદો કરતા વધુ છે. આ માત્ર સંબંધોનું નવીકરણ નથી, પરંતુ નવા ઉત્સાહ, ધ્યાન અને દૂરદર્શિતા સાથે એક મૂલ્યવાન ભાગીદારીનો વિસ્તાર છે. આ બે આત્મવિશ્વાસુ દેશો વચ્ચેની ભાગીદારી છે, જેઓ પોતાના ભવિષ્યની દિશા પોતે નક્કી કરી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે વિશ્વમાં ચાલી રહેલા અનેક તણાવો પર ભારતનું વલણ સ્પષ્ટ છે. અમે હંમેશા શાંતિ અને સ્થિરતા જાળવી રાખવાની વાત કરતા રહ્યા છીએ, અને જ્યારે બે લોકશાહી દેશો સાથે ઉભા રહે છે, ત્યારે શાંતિનો અવાજ વધુ મજબૂત બને છે. પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ આપણા માટે ઊંડી ચિંતાનો વિષય છે. ભારત તમામ વિવાદોને સંવાદ અને રાજદ્વારી માધ્યમથી ઉકેલવાનું સમર્થન કરે છે અને ક્ષેત્રમાં તમામ ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ દેશો સાથે ગાઢ સહયોગ ચાલુ રાખશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેનેડા ભારત માટે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર છે.

### પશ્ચિમ એશિયામાં યુદ્ધના ભડકાથી ક્રુડ ઓઈલના ભાવો સળગવાથી ટેન્શન

# મોંઘવારી હેરાન કરશે:ભારતને યુદ્ધની ગંભીર થપાટ લાગવાનું જોખમ

નવી દિલ્હી તા.૨

અમેરિકા-ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલા બાદ પશ્ચિમ એશિયામાં સ્થિતિ સતત બગડી રહી છે. ક્રુડ ઓઈલની કિંમતોમાં ભારે ઉછાળો અને મુખ્ય વ્યાપારિક રસ્તાઓ બંધ થવાથી પેટ્રોલ-ડીઝલની કિંમતો અને મોંઘવારી વધવાની આશંકા ઉત્પન્ન થઈ ગઈ છે. માનવામાં આવી રહ્યું છે કે ઈરાન દ્વારા હોર્મુજ જલડમરુમધ્ય માર્ગ બંધ કરવાથી પરિસ્થિતિ ઝડપથી બદલાશે.

આ રસ્તે ભારતનો માલ ખાડી દેશોમાં પહોંચે છે. આંકડા અનુસાર એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન ભારતે અહીં લગભગ ૫૦ અબજ ડોલરનો સામાન (બિન ઓઈલ આધારિત) મોકલ્યો હતો, જે દેશની કુલ નિકાસનો ૧૩ ટકા છે, આ માર્ગની આસપાસ તનાવ વધવાથી ભારતનો બિન ઓઈલ આધારિત નિકાસનો મોટો ભાગ ખતરામાં આવી શકે છે.

નિષ્ણાંતોનું કહેવું છે કે હાલ નિકાસ પુરી રીતે ઠપ્પ તો નહીં થાય પણ જોખમ ઘણું વધી ગયું છે. જો યુદ્ધ લાંબુ ખેંચાયું તો ખર્ચ વધશે અને પુરવઠામાં વિલંબ થશે.

મોંઘવારી વધવાના એંધાણ: ભારત પોતાની જરૂરિયાતના લગભગ ૮૫ ટકા ક્રુડ ઓઈલ આયાત કરે છે, જેનો મોટો ભાગ લગભગ ૫૦-૬૦ ટકા મધ્ય-પુર્વથી આવે છે. ક્રુડ ઓઈલ મોંઘુ થાય તો ભારતમાં પેટ્રોલ અને ડીઝલ અને ગેસની કિંમતમાં વધારો થાય. આનું પરિણામ એ આવે કે પરિવહન અને ઉત્પાદનો ખર્ચ વધી જાય જેથી મોંઘવારી પણ વધે જેની આમજનના ખિસ્સા પર અસર પડે.

### હાલ ભારત પાસે પર્યાપ્ત ઓઈલ ભંડાર, જરૂર પડે તો ફરી રશિયાથી ખરીદી વધારી શકાય

ક્રુડ ઓઈલના ભાવ જઈ શકે છે ૧૦૦ ડોલરને પાર: માનવામાં આવે છે કે જો યુદ્ધ ચાલુ રહે છે તો આવનારા દિવસોમાં ક્રુડ ઓઈલની કિંમતો ૧૧૦ થી ૧૨૦ ડોલર દર બેરલે પહોંચી શકે છે. હોર્મુજ સ્ટ્રેટથી વૈશ્વિક ઓઈલ અને એલએનજીની કિંમત લગભગ ૩૦ ટકા પુરવઠો પુરો પાડવામાં આવે છે. આ માર્ગમાં કોઈપણ પ્રકારની બાધા વૈશ્વિક ઉર્જા બજાર અને ઓઈલ ગેસની કિંમતો પર મોટી અસર પાડી શકે છે. રવિવારે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રુડ ઓઈલની કિંમત લગભગ ૭૨.૮૭ ડોલર દર બેરલે અને વેસ્ટ ટેકસાસ ઈન્ટરમીડીએટ ક્રુડ ઓઈલની કિંમત ૬૭.૦૨ ડોલર દર બેરલની આસપાસ હતી. પરંતુ માનવામાં આવે છે કે યુદ્ધ લાંબુ ચાલ્યુ અને હોર્મુજ જલડમરુમધ્ય માર્ગ બંધ રહ્યો તો કિંમતો ૧૨૦ ડોલર સુધી પહોંચી શકે છે. હોર્મુજ દુનિયાનો સૌથી જરૂરી ઓઈલ નિકાસ માર્ગ છે, જે સાઉદી અરબ, ઈરાન અને સંયુક્ત અરબ અમીરાત જેવા સૌથી મોટા ગલ્ફ ઓઈલ ઉત્પાદનને ઓમાનની ખાડી અને અરબ સાગર સાથે જોડે છે.

દેશ પાસે પુરતો ઓઈલ ભંડાર: અધિકારીઓનું કહેવું છે કે હોર્મુજ માર્ગ ઓછા સમય માટે બંધ રહે તો ભારતને વધુ અસર નહીં પડે, કારણ કે ક્રુડ ઓઈલનો ભંડાર ઓછામાં ઓછા ૧૦ દિવસની જરૂરિયાતોને પુરી પાડવા માટે પર્યાપ્ત છે.

રશિયા પાસેથી ફરી ખરીદી: જો હોર્મુજ માર્ગ લાંબા સમય સુધી બંધ રહે છે તો રશિયાથી ક્રુડ ઓઈલની ખરીદી ફરીથી વધારી શકાય છે. આ ઉપરાંત ભારત અન્ય દેશો પાસેથી ક્રુડ ઓઈલ ખરીદી શકે છે.

## જો યુદ્ધ ખેંચાયુ અને વિસ્તર્યુ તો સોના-ચાંદીના ભાવો ફરી સળગશે

### સોનુ ૧.૮૫ લાખ અને ચાંદી ત્રણ લાખ રૂપિયાને પાર પહોંચી શકે છે

નવીદિલ્હી: પશ્ચિમ એશિયામાં વધતા ભૂ-રાજનૈતિક તનાવ અને યુદ્ધના માહોલથી વૈશ્વિક બજારોમાં મોટી ઉથલ-પાથલ થઈ રહી છે. આજે બજાર ખુલતા જ સોના ચાંદીના ભાવો ઉછળ્યા છે અને જો તનાવ વધ્યો અને વિસ્તર્યો તો સોના ચાંદીના ભાવ નવા રેકોર્ડ સર્જી શકે છે. જાણકારોનું કહેવું છે કે સોનુ જલદી ૫૪૦૦ ડોલરથી ૫૫૦૦ ડોલરના સ્તરે પહોંચી શકે છે રાજધાની દિલ્હીમાં ગઈકાલે ૨૪ કેરેટના સોનાનો ભાવ ૧.૬૨ લાખના સ્તરે પહોંચી ગયો હતો. જયારે ચાંદીની કિંમતમાં રૂપિયાની તેજી જોવા મળી હતી. જે ૨.૮૫ લાખ રૂપિયાના પ્રતિ કિલોએ પહોંચી હતી. જાણકારોનું કહેવું છે કે સોનુ ૧.૮૫ લાખના સ્તરે પહોંચી શકે છે. ચાંદી ફરી ૩ લાખનો આંકડો ચૂમી શકે છે.

આ ક્ષેત્રોને થઈ શકે છે અસર: સૌથી વધુ અસર એન્જીનીયરીંગ સામાન, જેમ્સ જવેલરી, ખોરાકના ઉત્પાદનો, કેપીટલ નિર્માણ ક્ષેત્રના સામાનની નિકાસ પર જોવા મળી શકે છે.વૈકલ્પિક રસ્તાઓ પર નજર: મામલા સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે સરકાર પરીસ્થિતિ પર નજર રાખી રહી છે કે યુદ્ધનું ક્ષેત્ર કેટલું વધી શકે છે.


**જાહેર નોટીસ** આથી અમારા અસીલ શ્રી સીતાબેન નંગાસિંહ ચૌહાણનાની સુચના અને ફરમાઈશથી જણાવવાનું કે, તેઓની મોજે ગામ-સૈજપુર બોઘા, અમદાવાદ ખાતે મકાન નં. ૨૩ જેનો સર્વે નં. ૩૦૫ ટો.પા. ઈલે. નં. ૪૮૯૯૯૭ પરમેશ્વર નગર સૈજપુર બોઘા, અમદાવાદ ખાતે આવેલ મિલકત છે તે મિલકત તેઓના નાના પુત્ર રતનસિંહ નંગાસિંહ ચૌહાણને તેઓના હયાતમાં તથા તેઓની મુક્ત સંમતિથી તા. ૨૮-૨-૨૦૨૬ના રોજ નોટરીશ્રી જયકૃષ્ણ સી. મોદી સાહેબના ચોપડામાં સી.રી. નં. ૨૪૭/૨૬ના રોજ સાક્ષીઓના રૂબરૂમાં વસીયતનામું કરેલ છે જે આ નોટીસથી જાહેર કરીએ છીએ, વધુમાં તેઓના ૬ સંતાનોમાંથી હાલ તેઓના નાનો પુત્ર રતનસિંહ ચૌહાણ અમારા અસીલની સેવા ચાકરી, દવા, દારૂ કરે છે અને તેના સિવાય તેઓના અન્ય સંતાનો કોઈપણ જાતની સેવા ચાકરી, દવા, દારૂ કરતા નથી જેથી આજરોજ અમારા અસીલની જંગમ મિલકતમાંથી તેઓને બાકી સંતાનોને બે દખલ કરે છે અને આ વસીયતથી કોઈપણ વ્યક્તિને વાંધો વિરોધ, હોય તો તેના આધાર પુરાવા લઈ દિન-૭માં નીચે મુજબ સરનામે જાણ કરવી તેના પછી કોઈપણ પ્રકારનો વાંધો વિરોધ આવશે તો ચલાઈ લેવામાં આવશે નહી, અને જે સાત દિવસમાં કોઈપણ જાતનો વાંધો વિરોધ આ મિલકત અંગે આવે તો તેમ સમજી લેવામાં આવશે કે આ મિલકત ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈ પણ વારસદારોને વાંધો વિરોધ નથી. અમદાવાદ તા. ૨-૩-૨૦૨૬

મારી સૂચના અને ફરમાઈશથી : સીતાબેન નંગાસિંહ ચૌહાણ

**પ્રકાશચંદ્ર બી. પટેલ (એડવોકેટ), ગુજરાત હાઇકોર્ટ**

ઓફીસ : ૧૩૯૫, નાનીશેરી, ઘીકાંટા અમદાવાદ. મો.: 9624141411



Shri Jotana Kelvani Mandal Sanchalit

**Dr.Natubhai P.Patel Polytechnic,Jotana**

Nr.Railway Station, At&Po&Ta-Jotana,384421

Dist.-Mehsana,Ph.No-7574812309, 9909849927

Email-principal.npppjotana@gmail.com

Application are invited for the following posts.

| Branch | Position | |
|---|---|---|
| | HOD | Lecturer |
| Automobile Engg. | 1 | 2 |
| Civil Engg. | 1 | 2 |
| Computer Engg. | 1 | 3 |
| Electrical Engg. | 1 | 3 |
| Mechanical Engg. | 1 | 4 |
| Physics | – | 1 |

Eligibility criteria and salary as per AICTE and GTU and Gujarat Govt.norms.Posts may vary at the time of Interview. Candidates may send their Resume by Regd. Post or by email with two photographs and certified copies of all relevant documents within 15 days. Incomplete application will be rejected without any intimation.

President

SJKM


### મિડલ ઈસ્ટમાં યુદ્ધથી ભારતીય બજારમાં અસર

# યુદ્ધની ઝપેટમાં વેપાર, સપ્લાય ચેન પર અસર: અબજો રૂપિયાનું પેમેન્ટ અટકયું!

નવી દિલ્હી,તા.૨

ઈરાન અને ઇઝરાઈલ વચ્ચે ચાલી રહેલાં યુદ્ધની અસર ભારતનાં બજારોમાં દેખાવા લાગી છે. ડ્રાય ફ્રૂટ્સ અને ચોખાની સપ્લાય ચેન પ્રભાવિત થઈ ગઈ છે. તેના કારણે અબજો રૂપિયાનું પેમેન્ટ અટકી ગયું છે. સાથે જ વેપારીઓને ઓટો પાર્ટ્સ, સોનું, દવાઓ, ફળ સહિત અનેક વસ્તુઓની સપ્લાય ચેન પ્રભાવિત થવાનો ભય સતાવી રહ્યો છે. વેપારીઓથી લઈને સામાન્ય લોકો સુધી હવે ડીઝલ-પેટ્રોલના ભાવ પર નજર રાખી રહ્યાં છે.

ચોખા વેપારી સચિન શર્માએ જણાવ્યું કે યુદ્ધના કારણે ચોખાની સપ્લાય ચેન પ્રભાવિત થઈ છે અને કરોડો રૂપિયાનું પેમેન્ટ અટકી ગયું છે. ઈન્ટરનેશનલ ફ્રૂટ્સ એન્ડ નટ્સ ઓર્ગેનાઇઝેશનના ડિરેક્ટર રવિન્દ્ર મહેતાએ જણાવ્યું કે ઈરાનમાંથી મોટી સંખ્યામાં પિસ્તા, બદામ, કેસર, ફળ સહિત અનેક વસ્તુઓ આવે છે.

ચેમ્બર ઑફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ચેરમેન બ્રૃજેશ ગોયલે જણાવ્યું કે દિલ્હીના વેપારીઓ અને ઉદ્યોગકારોમાં ડર અને અનિશ્ચિતતાનું વાતાવરણ છે. ડ્રાય ફ્રૂટ્સ, ફળ, દવાઓ અને દાળ સહિત અનેક વસ્તુઓના અબજો રૂપિયાના ટ્રાન્ઝેક્શન આ દેશોમાં થાય છે. વેપારીઓએ જે માલ આ દેશોમાં એક્સપોર્ટ કર્યો હતો તે રસ્તામાં અટવાયો છે.

## યુદ્ધ ઈફેકટ : પામોલીન-કપાસિયા તેલના ભાવ ઉછળ્યા

રાજકોટ, તા.૨

અમેરિકા તથા ઇઝરાયલે ઇરાન પર કરેલા હુમલાથી સપ્લાય ચેઇન ખોરવાઇ જવાની ભીતિને પગલે ખાદ્ય તેલોના ભાવો પણ સળગ્યા હોય તેમ આજે પામોલીન તથા કપાસીયા તેલમાં તેજી થઇ હતી. રાજકોટ તેલ બજારમાં કપાસીયા તેલ ડબ્બાનો ભાવ ૨૦ રૂપિયાના ઉછાળાથી ૨૨૮૫થી ૨૩૨૫ થયો હતો. પામોલીન ડબ્બો પણ ૨૦ રૂપિયાના ઉછાળાથી ૨૦૬૫થી ૨૦૭૫ થયો હતો. વેપારીઓના કહેવા પ્રમાણે પામોલીન જેવા તેલોની જંગી માત્રામાં આયાત થતી હોય છે. સોયાબીન, સુર્યમુખી જેવા તેલનું ઘરઆંગણે ઉત્પાદન થતું હોવા છતાં આયાતની માત્રા ઘણી મોટી છે. યુધ્ધના કારણે આવતા દિવસોમાં આયાત ખોરવાઇ શકે છે અને તેને કારણે સ્વદેશી ખાદ્ય તેલો પર બોજ વધી શકે તેમ છે. આ અટકળોને પગલે આયાતી ખાદ્ય તેલોમાં આજે તેજી થઇ હતી. યુધ્ધ લાંબુ ચાલે અને સપ્લાય ચેઇન ખોરવવાનું સ્પષ્ટ બનવાના સંજોગોમાં સ્વદેશી ખાદ્ય તેલોમાં પણ તેજી થવાનો ઈન્કાર થઇ શકતો નથી. મહત્વની વાત એ છે કે કેટલાક દિવસોથી ખાદ્ય તેલોના ભાવ નીચે ઉતરતા હતા તેને બદલે આજે વધી ગયા હતા. સિંગતેલમાં વધુ ઘટાડો થવાનું મનાતુ હતું અને ફોરવર્ડ ભાવ ઘણા નીચા બોલાતા હતા તેના બદલે હવે સિંગતેલમાં પણ ભાવ ઘટતા અટકી ગયા છે અને આજે ડબ્બાનો ભાવ ૨૮૨૦થી ૨૮૭૦ સાંપડયો હતો.



ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાન પર કરેલા હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા ખામતેઈના થયેલા મોતને લઈને જમ્મુ-કાશ્મીરમાં મુસ્લિમોમાં સર્જાયેલા રોષ અને ત્રણ દિવસનો શોક મનાવવા કરેલી જાહેરાતને લઈને સત્તાવાળાઓ દ્વારા લાગુ કરવામાં આવેલા પ્રતિબંધાત્મક આદેશો વચ્ચે શ્રીનગરમાં નિકળનારી વિરોધ કૂચને ધ્યાનમાં રાખીને જહાંગિર ચોક ખાતે પોલીસ જવાનો વાહનોનું ચેકીંગ કરી રહ્યા છે.

# ખામેનેઈના મોત પર જમ્મુ-કાશ્મીરમાં હિંસક પ્રદર્શન

જમ્મુ, તા.૨

અમેરિકા-ઈઝરાયલના હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના મોતની અસર છેક ભારત સુધી પહોંચી ગઈ છે. સાવચેતીના ભાગરૂપે જમ્મુ-કાશ્મીરમાં તમામ જિલ્લાઓમાં પ્રતિબંધ હોવા છતાં ખામેનેઈની હત્યાના વિરોધમાં ત્યાં છેલ્લા બે દિવસથી બંધ અને પ્રદર્શનો ચાલી રહ્યા છે. આ દેખાવો વધુ ઉગ્ર ન બને અને કોઈ મોટી સમસ્યા ઉભી ન થાય તેને ધ્યાને રાખીને પોલીસે ભીડને વિખેરવા ટીયર ગેસના સેલ છોડ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે.

ખામેનેઈના મોતનો વિરોધ કરવા માટે જમ્મુ-કાશ્મીરમાં રવિવાર બાદ સોમવારે પણ બંધ પાડવામાં આવ્યો છે, જેના કારણે ખીણમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. અનેક સ્થળોએ મનાઈ હુકમનું ઉલ્લંઘન કરી પ્રદર્શનો યોજાયા હતા, જેને અટકાવવા માટે પોલીસ અને અર્ધસૈન્ય દળોએ બળપ્રયોગ કરવો પડ્યો છે.

જમ્મુ-કાશ્મીર સતત બે દિવસ સુધી બંધની અસર માર્કેટ, પરિવહન અને ઓફિસો પર જોવા મળી છે.

### ભીડને વિખેરવા પોલીસનો લાઠીચાર્જ

અહીં સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ અને અર્ધસૈનિક દળોની ટુકડીઓ તહેનાત કરી દેવાઈ છે. તમામ શિક્ષણ સંસ્થાઓમાં બે દિવસની રજા જાહેર કરવામાં આવી છે અને ઈન્ટરનેટ સેવાની સ્પીડ સિમિત કરી દેવાઈ છે. તંત્રએ સાવધાનીના ભાગરૂપે અનેક વિસ્તારોમાં એલર્ટ વધારી દીધું છે.

પોલીસે સ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે સતત પેટ્રોલિંગ પણ વધારી દીધું છે. અધિકારીઓએ લોકોને શાંતિ જાળવવા અને અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી છે.

શ્રીનગરના અનેક વિસ્તારોના રસ્તાઓ બંધ કરી દેવાયા છે. બારામુલા, પટ્ટન, માંગામ, બડગામ, પુલવામા, શોપિંયા અને બંદીપોરાના શિયા બહુમતીવાળા વિસ્તારોમાં પણ જનજીવન ઠપ થઈ ગયું છે. તંત્ર દ્વારા પ્રતિબંધ છતાં શિયા સમુદાયના લોકો એકઠા થયા છે. દેખાવકારોએ હાથમાં પોસ્ટર અને અમેરિકા-ઈઝરાયલ વિરોધી સૂત્રો લખીને લાલચોક તરફ દેખાવો કરવાનો પ્રયાસ કર્યો છે.

બટમાલૂ પાસે પોલીસ અને CRPFના જવાનોએ દેખાવકારોને આગળ જતા અટકાવવાનો અને નિયમોનું ઉલ્લંઘન ન કરવા વિનંતી કરી છે. જોકે તેમ છતાં ભીડે રોષે ભરાઈને ધક્કા-મુક્કી કરવાનો અને બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો છે. કેટલાક દેખાવકારોના હાથમાં પેલેસ્ટાઈની, ઈરાન અને હિઝબુલ્લાના ઝંડા હોવાનું સામે આવ્યું છે.


Kiri Industries Limited

Future Full of Colours.....

(CIN-L24231GJ1998PLC034094)

Regd. Office: 7th Floor, Hasubhai Chambers, Opp. Townhall, Ellisbridge, Ahmedabad 380 006

Contact No: (P) +91 79 - 26574371/72/73, Fax: +91 79 - 26574374

Email Id: info@kiriindustries.com, Website: www.kiriindustries.com.

**ભૌતિક સિક્યોરિટીઓના ટ્રાન્સફર અને ડિમેટરિયલાઈઝેશન રિક્વેસ્ટન માટે ખુલેલી વિશેષ વિન્ડો અંગેની સૂચના**

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા જારી કરાયેલ પરિપત્ર ક્રમાંક HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ તથા પરિપત્ર ક્રમાંક SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 તારીખ ૦૨ જુલાઈ, ૨૦૨૫ મુજબ, કંપનીના શેરહોલ્ડરોને આથી જાણ કરવામાં આવે છે કે ૧ એપ્રિલ, ૨૦૧૯ પૂર્વે વેચાણ/ખરીદી કરવામાં આવેલા અને દસ્તાવેજોની ખામી, પ્રક્રિયાકીય ખામી અથવા અન્ય કોઈપણ કારણસર નકારવામાં આવેલા / પરત મોકલવામાં આવેલા / અધૂરા રહેલા ભૌતિક સિક્યોરિટીઓના ટ્રાન્સફર અને ડિમેટરિયલાઈઝેશન માટે ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી, કુલ એક (૧) વર્ષની વિશેષ વિન્ડો ખુલ્લી રાખવામાં આવી છે.

આ વિશેષ વિન્ડો હેઠળ પ્રક્રિયા થયેલ સિક્યોરિટીઓ માત્ર ડિમેટ સ્વરૂપમાં જ જારી કરવામાં આવશે. આવી સિક્યોરિટીઓ ટ્રાન્સફર નોંધણીની તારીખથી એક (૧) વર્ષ માટે લોક-ઈન હેઠળ રહેશે. લોક-ઈન અવધિ દરમિયાન આવી સિક્યોરિટીઓનું ટ્રાન્સફર, ગીરવે મૂકવું, લિયન માર્કિંગ અથવા અન્ય કોઈ રીતે હસ્તાંતરણ/ બોજારૂપ બનાવવું માન્ય રહેશે નહીં. ટ્રાન્સફર કરનાર અને ટ્રાન્સફરી વચ્ચે વિવાદ ધરાવતા કેસો તેમજ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં પહેલેથી જ ટ્રાન્સફર થયેલી સિક્યુરિટીઓ આ વિશેષ વિન્ડો હેઠળ પ્રક્રિયા માટે પાત્ર રહેશે નહીં.

પાત્ર શેરહોલ્ડરોને વિનંતી છે કે તેઓ જરૂરી દસ્તાવેજો સાથે યોગ્ય રીતે ભરેલ અરજીઓ કંપનીના રજિસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ ("RTA") ને નીચે દર્શાવેલ સરનામે નિર્ધારિત સમયગાળામાં મોકલે:

કેમીઓ કોર્પોરેટ સર્વિસિસ લિમિટેડ

સુબ્રમણિયન બિલ્ડિંગ, નં. ૧, ક્લબ હાઉસ રોડ

ચેન્નઈ – ૬૦૦ ૦૦૨, તમિલનાડુ.

Email: investor@cameoindia.com

Tel: 044-40020700

કિરી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી

તારીખ: ૦૨ માર્ચ, ૨૦૨૬

સ્થળ: અમદાવાદ

સહી/-

સુરેશ ગોંડલિયા

કંપની સચિવ



**આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. ૮૦૨, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ. વી. રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૬૯.

અમદાવાદ શાખા: ૩૦૧, ત્રીજા માળે, એબીસી-૩, હોટેલ રેજેન્ટા સામે, ગીરીશ કોલ્ડ્રીંક નજીક, ઉમા શંકર જોશી માર્ગ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ ગુજ

**એપેન્ડિક્સ-૪ કબજાનોટિસ (સ્થાવર સંપત્તિ માટે)**

નીચે સહી કરનાર આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ. (એએચએફએલ)ના અધિકૃત અધિકારી છે અને ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ના સેક્શન ૧૩(૧૨)ને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોની રૂએ કંપનીના અધિકૃત અધિકારી તરીકે નીચે જણાવેલ દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ડિમાન્ડનોટિસ(સો) ઈસ્યૂ કરીને સંબંધિત ડિમાન્ડ નોટિસ(સો)માં ઉલ્લેખ થયેલ રકમો આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરપાઈ કરી જવા કહેલ. દેવાદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાને લીધે, અત્રે દેવાદાર(રો)/જામીનદાર(રો)ને તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૪) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં હેઠળ નીચે વર્ણન કરેલ મિલકતનો કબજો લીધો છે. સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન (૮)ની જોગવાઈ તરફ દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે. દેવાદારને વિશેષરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને કોઈ પણ આવો વ્યવહાર અત્રે જણાવેલ રકમ તેના વ્યાજસહિતની રકમ સાથે એએચએફએલના ચાર્જને અધીન રહેશે.

| નં. | દેવાદાર(રો)/સહ-દેવાદારોનું નામ(મો)/ (શાખાનું નામ) | સિક્યોર્ડ એસેટ (સ્થાવર મિલકત)નું વર્ણન | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજા તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૦૩૫૧૦૦૦૦૫૫૭/ અમદાવાદ શાખા) સાંજો ઠેકારા (દેવાદાર) નીતુ જે કે (સહ દેવાદાર) | તમામ આવાસીય સંપત્તિ એફ-૨૦૧, બીજા માળે, આશીર્વાદ એવન્યુ, હરિદર્શન ક્રોસ રોડ, નરોડા, અમદાવાદ, ગુજ-૩૮૨૩૩૦ સીમાઓ: પૂર્વે: ફ્લેટ નં. એફ-૨૦૪, પશ્ચિમે: બ્લોક નં. કે, ઉત્તરે: કોમન પ્લોટ, દક્ષિણે: ફ્લેટ નં. એફ-૨૦૨ | 10-07-2025 & ₹ 26,06,039/- | 01-03-2026 |

સ્થળ: ગુજરાત

તા. ૦૩-૦૩-૨૦૨૬

અધિકૃત અધિકારી

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.



ADITYA BIRLA CAPITAL

PROTECTING INVESTING FINANCING ADVISING

**આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

રજિસ્ટર્ડ ઓફિસ- ઈન્ડિયન રેયોન કંપાઉન્ડ, વેરાવળ, ગુજરાત-૩૬૨૨૬૬

શાખા ઓફિસ: જી કોર્પ. ટેક પાર્ક, ૮મે માળે, કાસારવડાવલી, ઘોડબંદર રોડ, થાણે, મહા.- ૪૦૦૬૦૧

ડિમાન્ડ નોટિસ (ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩(૧) હેઠળ)

ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના સેક્શન ૧૩(૨) હેઠળ વૈકલ્પિક બજવણી આથી નીચે ઉલ્લેખ કરેલ દેવાદારોને અત્રે નોટિસ આપવામાં આવે છે કે તેઓ તેમણે આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એબીએચએફએલ) પાસેથી મેળવેલ ક્રેડિટ સુવિધાની પરત ચૂકવણીમાં કસૂર કરેલ છે, તેમનું લોન ખાતું આરબીઆઈની ગાઈડલાઈન્સ મુજબ નોન-પરફોર્મિંગ એસેટ તરીકે કંપનીના ચોપડે વર્ગીકૃત થયેલ છે. તે પછી એબીએચએફએલએ ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (સરફૈસી કાયદો) ના સેક્શન ૧૩(૨) હેઠળ સદર દેવાદારોના છેલ્લા પરિચિત સરનામે ડિમાન્ડ નોટિસો મોકલી હતી જેમાં એમને આખીય બાકી રકમ એની પરના કરાર આધારિત દરે થનાર વ્યાજ સહિત અને આકસ્મિક ખર્ચ, કોસ્ટ, ચાર્જેસ વગેરે જે સદર ડિમાન્ડ નોટિસોમાં જણાવેલ છે તે સહિત ચૂકવી જવા જણાવેલ.તેમ છતાં ડિમાન્ડ નોટિસ ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨(સરફૈસી નિયમો) ના નિયમ ૩ મુજબ પણ બજવવામાં આવે છે.

| ક્રમ નં. | દેવાદાર/સહ-દેવાદાર અને જામીનદાર/સહજામીનદારનું નામ અને સરનામું અને ધિરાણ ખાતા નંબર | એનપીએ તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસ/ તારીખ મુજબ લેણી નીકળતી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧.નારાયણ એસ. રાજપુરોહિત બી/૧/૯, ૨જે માળે, દેવદત્ત એપાર્ટમેન્ટ, ગોપાલક સોસાયટી પાછળ, નવા વાડજ, શશીપાર્ક કો-ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. નવા વાડજ, અમદાવાદ,ગુજરાત ૩૮૦૦૧૩. ૨. કૌશલ્યા નારાયણ સિંઘ બી/૧/૯, ૨જે માળે, દેવદત્ત એપાર્ટમેન્ટ, ગોપાલક સોસાયટી પાછળ, નવા વાડજ, શશીપાર્ક કો-ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. નવા વાડજ, અમદાવાદ,ગુજરાત ૩૮૦૦૧૩. ૩. મે. વોયેજ ઈન્ટરનેશનલ બી/૧/૯, ૨જે માળે, દેવદત્ત એપાર્ટમેન્ટ, ગોપાલક સોસાયટી પાછળ, નવા વાડજ, શશીપાર્ક કો-ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. નવા વાડજ, અમદાવાદ,ગુજરાત ૩૮૦૦૧૩. ૪. નારાયણ એસ. પુરોહિત કેર ઓફ મે. વોયેજ ઈન્ટરનેશનલ બી/૧/૯, ૨જે માળે, દેવદત્ત એપાર્ટમેન્ટ, ગોપાલક સોસાયટી પાછળ, નવા વાડજ, શશીપાર્ક કો-ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. નવા વાડજ, અમદાવાદ,ગુજરાત ૩૮૦૦૧૩. ધિરાણ ખાતા નંબર: LNAHMHL_-10180043683 અને LNAHM0HL-04210089416 | ૦૮-૦૨-૨૦૨૬ | ૨૫-૦૨-૨૦૨૬ | રૂ.૧૭,૦૦,૪૪૫.૧૮/- (અંકે રૂપિયા સત્તર લાખ ચારસો પિસ્તાલીસ અને પૈસા અઢાર પૈસા પૂરા) બાકી નીકળતી મુદ્દલ, એરિયર્સ (મુદતવીતી ચાર્જેસ સહિત) અને ૦૯.૦૨.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત મુજબ. |

**સ્થાવર મિલકત/ ગિરવે મિલકતોનું વર્ણન:** ફ્લેટ નં.૯ , બ્લોક નં.બી૧ના બીજે માળે, ક્ષેત્રફળ લગભગ ૭૦.૦૦ ચો.વાર બાંધકામ એરિયા, શશી પાર્ક કો-ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડની દેવદત્ત એપાર્ટમેન્ટ તરીકે જાણીતી સ્કિમમાં, મોજે: વાડજ, તાલુકો: સાબરમતી, જિ.અમદાવાદ, એફ.પી. નં. ૨૭/બી, ટી.પી. સ્કિમ નં.૧૫, સિટી સર્વે નં.૩૬૪ની જમીન પર, રજિસ્ટ્રેશન પેટા-જિલ્લો અને જિલ્લો અમદાવાદ, ગુજરાત ૩૮૦૦૧૩ના તમામ હક્કહિસ્સા. અને સીમાઓ છે: પૂર્વે: ફ્લેટ નં.૧૦, પશ્ચિમે: ખુલ્લી જગ્યા, ઉત્તરે: ખુલ્લી જગ્યા, દક્ષિણે- પેસેજ.

આથી અત્રે અમે અહી જણાવેલ દેવાદારને આ નોટિસની તારીખથી દિન ૬૦માં બાકીની રકમ(મો) તેની પર થનાર આગળના વ્યાજ વત્તા કોસ્ટ, ચાર્જેસ, ખર્ચાઓ વગેરે સહિત ચૂકવી જવા જણાવીએ છીએ. એમાં નિષ્ફળ ગયેથી સંપૂર્ણપણે તમારા ખર્ચે અને જોખમે ગિરવે મિલકત જપ્ત કરવા એટલું જ નહીં એનો કબજો લેવા તથા સિક્યોર્ડ અસ્ક્યામતો વેચવા છૂટા છીએ.

મહેરબાની કરીને નોંધ લેશો કે કંપનીની લેખિત પૂર્વમંજૂરી વિના ઉપરોક્ત સિક્યોર્ડ અસ્ક્યામતો વેચાણ, લિઝ કે અન્ય કોઈ રીતે તબદિલ કરવા તમને સરફૈસી કાયદાના સેક્શન ૧૩(૧૩) મુજબ મનાઈ ફરમાવવામાં આવે છે. સદર સેક્શનનો કોઈ પણ રીતે ભંગ થવાથી સરફૈસી કાયદાના સેક્શન ૨૯ અને /અથવા આ સંબંધે અન્ય કોઈ કાયદાની જોગવાઈ અન્વયે તમને સજા થઈ શકે છે.

સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન (૮)નીજોગવાઈ તરફ દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે કે જો એબીએચએફએલને લેણી થતી રકમ તમામ કોસ્ટ, ચાર્જેસ અને એબીએચએફએલને થયેલ ખર્ચાઓ સહિત વેચાણ કે તબદિલીની નક્કી થયેલ તારીખ અગાઉ એબીએચએફએલને ચૂકવી દેવામાં આવશે તો એબીએચએફએલ સિક્યોર્ડ અસ્ક્યામત વેચાણ કે તબદિલ નહીં કરે અને એબીએચએફએલ દ્વારા સિક્યોર્ડ અસ્ક્યામત વેચાણ કે તબદિલ માટે અન્ય કોઈ પગલા નહીં લેવાય.

તા. ૦૩.૦૩.૨૦૨૬

સ્થળ: અમદાવાદ, ગુજરાત

સહી /- અધિકૃત અધિકારી

(આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)